આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- આશુતોષ અંતાણી

કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

તારખ: ૨૬-૦૩-૨૦૨૪ સમય:-સવારે ૬.૫૦ કલાકે

---

## રાજ્ય-ચુંટણી પ્રોફાઈલ

ગુજરાતની તમામ 26 લોકસભા બેઠકો માટે તા. 7 મેના એક જ તબક્કામાં મતદાન થશે. પાંચ વિધાનસભા બેઠકો માટે પેટાચૂંટણી પણ એ જ દિવસે યોજાશે. 12મી એપ્રિલે ચૂંટણીનું જાહેરનામું બહાર પાડવામાં આવશે. ઉમેદવારીપત્ર ભરવાનો અંતિમ દિવસ 19 એપ્રિલ છે. ઉમેદવારો 22મી એપ્રિલ સુધી ઉમેદવારીપત્ર પાછું ખેંચી શકશે. ચૂંટણીના પરિણામો ચોથી જૂને જાહેર થશે.

રાજ્યમાં 50 હજાર 677 મતદાન મથકો પર મતદાન થશે. રાજ્યના 4 કરોડ 94 લાખ 49 હજારથી વધુ મતદારો તેમના મતદાનઅધિકારનો ઉપયોગ કરશે, જેમાં આશરે 10 હજાર 322 શતાયુ મતદારોનો સમાવેશ થાય છે. આ સામાન્ય ચૂંટણીમાં રાજ્યના લગભગ 11 લાખ 32 હજાર 880 યુવા મતદારો પ્રથમ વખત મતદાન કરશે.

રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી પી. ભારતીએ જણાવ્યું હતું કે રાજ્યમાં 1 હજાર 274 મતદાન મથકો હશે જ્યાં સમગ્ર મતદાન સ્ટાફ મહિલાઓ હશે. તેવી જ રીતે 182 મતદાન મથકો પર દિવ્યાંગ લોકો દ્વારા વ્યવસ્થા કરવામાં આવશે. તેમણે કહ્યું કે રાજ્યમાં 25 હજારથી વધુ મતદાન મથકો પર વેબ કાસ્ટિંગ કરવામાં આવશે.

**(RNU અમદાવાદ)**

---------------------------------------------------------------------

## ચુંટણીપંચ-આચાર સંહિતા પાલન માર્ગદર્શિકા

**ચૂંટણી પંચે રાજ્યના તમામ રાજકીય પક્ષો સાથે બેઠક યોજીને આદર્શ આચારસંહિતાના કડક પાલન માટે માર્ગદર્શિકા આપી છે. ચૂંટણી સંબંધિત કોઈપણ ફરિયાદના નિવારણ માટે ચૂંટણી પંચ દ્વારા રાજ્યમાં કંટ્રોલરૂમ પણ શરૂ કરવામાં આવ્યો છે. ચૂંટણી ખર્ચ પર નજર રાખવા અને નિયંત્રણ કરવા માટે રાજ્યભરમાં ફ્લાઈંગ સ્કવોડ પણ તૈનાત કરવામાં આવી છે. વધુને વધુ લોકો ચૂંટણી પ્રક્રિયામાં ભાગ લે અને ખાસ કરીને યુવા મતદારો મોટી સંખ્યામાં મતદાન કરે તે માટે ચૂંટણી પંચ દ્વારા વ્યાપક જનજાગૃતિના કાર્યક્રમો પણ યોજવામાં આવી રહ્યા છે. ગીરના જંગલ જેવા અંતરિયાળ વિસ્તારો કે આલિયા બેટ, શિયાળ બેટ જેવા પાણીથી ઘેરાયેલા વિસ્તારોમાં પણ મતદારો માટે ખાસ મતદાન મથકો ઉભા કરવામાં આવી રહ્યા છે.**

**(RNU અમદાવાદ)**

-----------------------------------------------------------------------

## ચુંટણીપંચ-ટકાઉ ચુંટણી

ચૂંટણી પંચ લોકસભા અને વિધાનસભાની ચૂંટણી દરમિયાન પર્યાવરણીય રીતે ટકાઉ ચૂંટણીઓને પ્રોત્સાહન આપી રહ્યું છે. પંચે ચૂંટણી તંત્ર અને રાજકીય પક્ષોને મતદાર યાદી અને ચૂંટણી સામગ્રી માટે કાગળનો ઉપયોગ ઓછો કરવા માટે નિર્દેશો જારી કર્યા છે અને ઈ-બુક્સ અને ઈ-ડોક્યુમેન્ટ્સના ઉપયોગ પર ભાર મૂક્યો છે. આ સાથે ડબલ-સાઇડ પ્રિન્ટિંગ અને લેઆઉટ ઑપ્ટિમાઇઝેશનની ખાતરી કરવા પણ જણાવ્યું છે. પંચે મતદાન દરમિયાન ઈલેક્ટ્રોનિક સંદેશાવ્યવહાર અપનાવવા નિર્દેશો જારી કર્યા છે. પંચે ચૂંટણી તંત્ર અને રાજકીય પક્ષોને સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળવા અને ઇકો-ફ્રેન્ડલી ચૂંટણીઓ માટે લોકસભા અને વિધાનસભાની ચૂંટણી દરમિયાન અલગ કલેક્શન ડબ્બાઓ અને યોગ્ય સાઇનેજની ખાતરી કરવા જણાવ્યું છે. દરેક પ્રકારના કચરા માટે પર્યાપ્ત

નિકાલની સુવિધા સુનિશ્ચિત કરવી, વાહનવ્યવહાર માટે ઇકો-ફ્રેન્ડલી વાહનોનો ઉપયોગ  તેમજ મતદાન દરમિયાન કારપૂલિંગ અને જાહેર પરિવહનને પ્રોત્સાહિત કરવા પણ જણાવાયું છે. પ્રચાર કાર્યક્રમો માટે પુનઃપ્રાપ્ય ઊર્જાના ઉપયોગને પ્રોત્સાહિત કરવા રાજકીય પક્ષોને નિર્દેશો આપવામાં આવ્યા છે. આ સાથે મતદાન સ્થળોને એકીકૃત કરવાની સૂચનાઓ પણ આપવામાં આવી છે.

**(RNU અમદાવાદ)**

---------------------------------------------------------------------

## કર્ણાટક-ભાજપ-જી જનાર્દન રેડ્ડી

કર્ણાટકમાં KRPP નેતા જી. જનાર્દન રેડ્ડીએ તેમની પાર્ટીને ભારતીય જનતાપાર્ટીમાં  વિલિન કરી દીધી છે. લોકસભા ચૂંટણી પહેલા તેઓ તેમની પત્ની અરુણા લક્ષ્મી સાથે ફરી ભાજપમાં જોડાયા છે. જી.જનાર્દન રેડ્ડી ભારતીય જનતા પાર્ટીના નેતા બીએસ યેદિયુરપ્પા અને પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ બીવાય વિજયેન્દ્રની ઉપસ્થિતિમાં તેમની પાર્ટીમાં જોડાયા હતા. શ્રી રેડ્ડીએ કહ્યું છે કે તેઓ બિનશરતી ભાજપમાં જોડાયા છે અને તેઓ કોઈ પદની માંગણી કરતા નથી.

**(RNU અમદાવાદ)**

---------------------------------------------------------------------

## કોંગ્રેસ-ઉમેદવારોની છઠ્ઠી યાદી

કોંગ્રેસે લોકસભા ચૂંટણી માટે પાંચ ઉમેદવારોની વધુ એક યાદી જાહેર કરી છે. રાજસ્થાનમાં  પ્રહલાદ ગુંજાલ કોટાથી, રામચંદ્ર ચૌધરી અજમેરથી અને સુદર્શન રાવત રાજસમંદથી ચૂંટણી લડશે. પક્ષે તમિલનાડુના તિરુનેલ વેલીથી એડવોકેટ સી રોબર્ટ બ્રુસને મેદાનમાં ઉતાર્યા છે.

**(RNU અમદાવાદ)**

---------------------------------------------------------------------

## રાજ્ય હવામાન

રાજ્યમાં સૌરાષ્ટ્ર-કચ્છ સહિતના કેટલાંક વિસ્તારોમાં આગામી 5 દિવસ સુધી ગરમીનો પારો 39 ડીગ્રી સુધી પહોંચવાની શક્યતા હવામાન વિભાગે વ્યક્ત કરી છે. જો કે કચ્છ જીલ્લામાં પવનની ઝડપ સરેરાશ કરતાં થોડી વધુ રહેતા લોકોને ગરમીમાં આંશિક રાહત મળી છે.હવામાન વિભાગે આગામી 24 કલાક દરમ્યાન જીલ્લાના વાતાવરણમાં કોઈ મોટો ફેરફાર થવાની શક્યતા દર્શાવી નથી.

**(RNU અમદાવાદ)**

-----------------------------------------------------------------------

## ક્રિકેટ-IPL

ઈન્ડીયન પ્રીમીયર લીગની મેચમાં ગઈકાલે રમાયેલી મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગાંલુરુની ટીમે કિગ્સ ઈલેવન પંજાબ ટીમને 4 વિકેટથી પરાજીત કરી હતી. પંજાબની ટીમે 6 વિકેટના ભોગે 176 રન કર્યા હતા. જવાબમાં બેંગાલુરુની ટીમ 6 વિકેટ ગુમાવી 178 રન કરી મેચ જીતી લીધી હતી.

**(ચંદ્રવદન પટ્ટણી)**

-----------------------------------------------------------------------